**દરેકે દરેક દેશવાસી રાષ્ટ્રપિતાના આદર્શોનું પાલન કરે તેવી અપેક્ષા વધારે પડતી ગણાય, પરંતુ તેમને તેમની ખાદી અને સાદગીની અસલી ઓળખમાં તો રહેવા દેવા જોઈએ. ભગવાનને ખાતર બાળકોના કુમળા મનમાં ગાંધીજીની આવી ચિત્ર-વિચિત્ર છબી ઊભી ન થાય એટલું તો આપણે કરવું જ જોઈએ.**

# રાષ્ટ્રપિતાને પરંપરાગત જ રહેવા દો

ડોગી સાથે ચાલતાં ચાલતાં સેલફોન પર વાત કરતા અને ફાઈબર ગ્લાસનાં ચશ્માં, જીન્સ, ટી-શર્ટથી સજ્જ, ભડકદાર એક્રિલિક રંગથી રંગાયેલા ગાંધીજીના શિલ્પના અગ્રણી અખબારોમાં પ્રકાશિત થયેલા ફોટોગ્રાફથી આ લેખ પ્રેરિત છે. કોલકાતાની રવીન્દ્ર ભારતી યુનિવર્સિટી દ્વારા તૈયાર કરાયેલી આ કલાકૃતિ માટે એક કલાતજ્જ્ઞએ દાવો કર્યો છે કે આ શિલ્પ સમકાલીન ભારત સાથે ગાંધીજીની પ્રસ્તુતિ દર્શાવે છે. પરંતુ નિરંકુશ સર્જનની અમર્યાદ સ્વતંત્રતાને લઈ કલાકાર ઈચ્છે તે બધા જ કે ગમે તે વિષયને પસંદ કરી તેને બેશરમીભરી મનોવૃત્તિથી ચિતરી શકે છે તે બાબતે ઘણા સવાલો ઊભા થાય છે.

ભારતીય બંધારણમાં વણાયેલ સુલિખિત પ્રાવધાનો અને સ્વતંત્ર ભારતનાં વિવિધ સંવિધાનોમાં બહાલી મેળવેલા અને સમયની કસોટી પર ખરા ઉતરેલા વિચારસ્વતંત્ર્યતા માટેના દૃષ્ટાંતરૂપ હક્કો, સમાનતા અને ભાઈચારા અંગેની માન્યતાઓને લેખક સંપૂર્ણ રીતે વધાવે છે. આ બાબતોને અલગ ગણાવવાની સહેજ પણ જરૂર નથી. પરંતુ એવું નથી જણાતું કે દેશનું વિસ્તૃત કાનૂની માળખું અને સ્વતંત્રતાનાં સર્વગ્રાહી ફળોનો ખરો આનંદ આપણને આજદિન સુધી જવાબદાર પ્રજાકીય વર્તણૂક તરફ નથી દોરી ગયો?

આ જ કારણે આપણે ત્યાં અવારનવાર શરમજનક કિસ્સાઓ બનતા રહે છે, જેમ કે ગુજરાતની એક અગ્રણી યુનિવર્સિટીના કલાકાર દ્વારા દુર્ગામાતાને પ્રસૂતિની પીડામાં બતાવવાં, હવે પરદેશમાં જઈને વસવા મજબૂર બનેલા એક પેઈન્ટર દ્વારા હિન્દુ દેવી-દેવતાઓનાં નગ્ન ચિત્રો દોરવાં, અને આપણે સૌ સાક્ષી છીએ તેમ ગાંધીજીના જ એક હયાત પરિવારજન દ્વારા ગાંધીજીના અંગત જીવન બાબતે કાલ્પનિક અને અરુચિભર્યાં લખાણો લખવાં. આ પ્રકારના ગેરમાર્ગે દોરાયેલા કલાપ્રદર્શન અને અભિવ્યક્તિનાં પરાક્રમોને હિંસક વિરોધ, પ્રજાકીય રોષ કે પવિત્રતાભંગનો સામનો કરવો પડ્યો છે.

અહીં મુદ્દો એ છે કે કલાત્મક કે અન્ય અભિવ્યક્તિ સમયે આપણે ભારતીયોને મળેલા અભિવ્યક્તિ સ્વાતંત્ર્યના હક્કના ઉપયોગમાં સ્વયં-સ્થાપિત મર્યાદા બાંધવામાં કે શિષ્ટાચારપૂર્વકના ઉપયોગમાં તદ્દન નિષ્ફળ કેમ રહ્યા છીએ? એવું કેમ છે કે આપણે ખાનગીમાં બુદ્ધિમાન અને જાહેરમાં મૂંગા બની જઈએ છીએ? એવું શા માટે છે કે જાહેર સ્થળોએ શિસ્ત અને ઔચિત્યપાલનમાં આપણો ક્રમ વિશ્વમાં સૌથી નીચે આવે છે?

એવું તો શું છે કે જેથી આપણે રાષ્ટ્રીય પ્રતિભાઓને સ્પર્શતી બાબતો માટે કલાત્મક કલ્પનાશક્તિનાં વિવાદ-વમળો ઊભાં કરતા પહેલાં વિચારતા નથી? કહેવાતી પ્રસ્તુતતા અને આદરભાવના સંમિશ્રણવાળી ગાંધીજીની વાંધાજનક ફાઈબર ગ્લાસવાળી આ પ્રતિમાના અમદાવાદના એક પ્રખર કલાસમીક્ષકના સૌમ્યોક્તિ અને પ્રશંસાભર્યા શબ્દચિત્રથી હું તો હેબતાઈ ગયો છું.




ડૉ. રાજીવકુમાર ગુપ્તા

*લેખક સિનિયર આઈ.એ.એસ. અધિકારી છે.*




કોઈ કલાકાર હવે સરોજીની નાયડુનું ટૂંકા સ્કર્ટ અને અંગચુસ્ત પહેરવેશમાં શિલ્પ બનાવે અથવા તો કસ્તુરબાના ટૂંકા અને સ્લીવલેસ ટી-શર્ટ, હાથમાં આઈ-પોડ અને અંકોડીથી ગૂંથેલાં જાળીદાર કપડાં પહેરેલાં શિલ્પ બનાવશે તો આ જ કલાવિવેચકના પ્રત્યાઘાત કેવા હશે. માનસિક વિકૃતિનો કોઈ અંત નથી.

આપણા મહાનુભાવોની બાબતમાં વિવાદ અને તોફાન જગાવે તેવી કલાકૃતિ તૈયાર કરતાં પહેલાં આપણે બે વખત વિચાર શા માટે નથી કરતા? ભારતના બંધારણમાં સ્વતંત્રતા, સમાનતા અને ભાઈચારાના સંદર્ભમાં જે જોગવાઈઓ કરવામાં આવી છે તેનો સ્વીકાર કરીએ તો આપણે શા માટે અંગત જીવનમાં મર્યાદાપૂર્વક અને જાહેર જીવનમાં બેજવાબદાર રીતે વર્તન કરીએ છીએ?

સાચી વાત એ છે કે દરેક દેશવાસી રાષ્ટ્રપિતાના આદર્શોનું પાલન કરે તેવી અપેક્ષા વધારે પડતી ગણાય, પરંતુ તેમને તેમની ખાદી અને સાદગીની અસલી ઓળખમાં તો રહેવા દેવા જોઈએ. ભગવાનને ખાતર બાળકોના કુમળા મનમાં ગાંધીજીની આવી ચિત્ર-વિચિત્ર છબી ઊભી ન થાય એટલું તો આપણે કરવું જ જોઈએ. આપણે દુનિયામાં સૌથી મોટા લોકશાહી દેશ હોવાનો દાવો કરીએ છીએ છતાં આપણી જાતને અમેરિકા સાથે સરખાવવાનું યોગ્ય નથી. જ્યોર્જ વૉશિંગ્ટનને કોઈ હિપ્પીના પરિવેશમાં દર્શાવવામાં આવે કે પછી ફાઈબરગ્લાસ પહેરેલા માર્ટિન લ્યુથર કિંગને બાસ્કેટબોલના ખેલાડીના ડ્રેસમાં દર્શાવવામાં આવે તો મને નથી લાગતું કે બાસ્કેટબોલ પાછળ ગાંડા એવા એ દેશમાં પણ આ કલાસર્જનને સદ્‌વર્તનથી આવકાર મળે.

અહીં બે ઉદાહરણ આપવાની જરૂર છે. આ વર્ષે જુલાઈમાં દક્ષિણ આફ્રિકામાં આવું જ કંઈક બન્યું હતું. કોઈએ નેલ્સન મંડેલાનું તેમના મૃત શરીર ઉપર ઑટોપ્સી થતી હોય તેવું શિલ્પ બનાવ્યું અને આખા દેશમાં એ હદે ઊહાપોહ થયો કે આફ્રિકન નેશનલ કૉંગ્રેસે સત્તાવાર રીતે દરમિયાનગીરી કરવી પડી અને કલાના વિકૃત નમૂના સામે નારાજગી અને ધિક્કાર વ્યક્ત કરવો પડ્યો. સામાજિક કે આર્થિક વિકાસની સરખામણીમાં કોઈ પણ રીતે દક્ષિણ આફ્રિકા ભારતની નજીક પણ નથી અને તે રંગભેદ સામે દાયકાઓ સુધીની લડત બાદ તાજેતરમાં જ આઝાદ થયેલો દેશ છે. પરંતુ પોતાની રાષ્ટ્રીય પ્રતિભાના ઔચિત્યના રક્ષણને લઈને તે આપણાથી ઘણો જ આગળ છે.

બીજું ઉદાહરણ તુર્કીનું છે. તુર્કીના રાષ્ટ્રપિતા મુસ્તફા કમાલ અતાતુર્ક એટલા પૂજનીય છે કે દેશમાં એક પણ જાહેર સ્થળ એવું ન મળે કે જ્યાં અતાતુર્કનો ફોટો ન હોય. અને દરેક યુવાન બાળકને આધુનિક તુર્કીના ઘડતરમાં અપાયેલ સિંહફાળાની યાદ તાજી થતી રહે તે માટે એ દેશની એકે-એક માધ્યમિક શાળાના એક અલગ પરિસરમાં અતાતુર્કની પ્રતિમા હોવી અનિવાર્ય છે.

એટલું જ નહીં, ત્યાંનો કાયદો કોઈ પણ બાળકનું નામ મુસ્તફા કમાલ અતાતુર્ક રાખવાની પરવાનગી સુધ્ધાં આપતું નથી. આ અધિકાર નિરંતર રીતે માત્ર તેમને જ અપાયેલો છે. તુર્કીઓ માત્ર એટલેથી જ અટક્યા નથી. કોઈ પણ વ્યક્તિ જાહેરમાં જો અતાતુર્ક વિશે ઉતરતા કે અપમાનજનક શબ્દો બોલે કે તેમનું નામ ભૂંસી નાખે, તેમના ફોટોગ્રાફ કે પ્રતિમા પ્રત્યે અનાદર વ્યક્ત કરે તો માત્ર બે સાક્ષીની જુબાનીના આધારે કોઈ પણ પ્રકારની બચાવ સુનાવણી વગર એ વ્યક્તિને બે વર્ષની જેલ થાય. વળી ધ્યાન પર લાવું કે તુર્કી પણ આપણી જેમ જ લોકશાહી દેશ છે. શું હવે તાતી જરૂરિયાત નથી કે આપણે પરિપક્વ લોકશાહી છીએ એવી વિશ્વને પ્રતીતિ કરાવવા આપણે ભારતીયો થોડાક વિકસિત થઈએ અને આપણી જાહેર અભિવ્યક્તિ સમયે વિવેકપૂર્ણ આત્મસંયમ ખીલવીએ?